Latest Edition
2026-27

GYAN LIVE

GYAN LIVE

TET-I | TET-II

પદ્ધતિશાસ્ત્ર

TET-I & TET-IIના નવા અભ્યાસક્રમ (2025) અનુસાર...



:: લેખક ::
ચેતન પટેલ સર
બીના સોરઠીયા

:: માર્ગદર્શક ::
બહાદુરસિંહ સોલંકી સર

:: સંપાદક ::
જ્ઞાન લાઈવ

TET - I/II
પદ્ધતિશાસ્ત્ર

(Theory + MCQs + PYQs + Infographic)



ગુજરાતના ભાવી ગુરૂજનોને અર્પણ.

(નવા અભ્યાસક્રમ-2025 અનુસાર)

TET - I/II પદ્ધતિશાસ્ત્ર

લેખકનું નામ	:	શ્રી ચેતન પટેલ સર (EX. GES), બીના સોરઠિયા
માર્ગદર્શક	:	બહાદુરસિંહ સોલંકી સર (પૂર્વ સચિવ SEB)
પ્રકાશક	:	GYAN LIVE
સંપાદક	:	Gyan Live Team
ટાઈપ સેટિંગ	:	તરૂણ પરમાર, દિનેશ ચૌહાણ
Email	:	gyanliveedu@gmail.com
ISBN	:	978-81-685492-9-6
કિંમત	:	₹ 799/-
આવૃત્તિ	:	2026 *

કોપીરાઈટ :- Gyan live Education


પ્રકાશકની લેખિત પરવાનગી વગર આ પુસ્તકના લખાણનો કોઈપણ ભાગ, લેખનશૈલી, રજૂઆતશૈલી, મુદ્દાઓ અને તેની ગોઠવણી વગેરેનો મુદ્રણ, યાંત્રિક, ઈલેક્ટ્રોનિક, ઝેરોક્ષ કે અન્ય કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરવો નહીં. આવું કૃત્ય ગેરકાયદેસર ગણાશે અને તેમ કરનારની સામે કોપીરાઈટ ભંગની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તેની ખાસ નોંધ લેવી.

કોઈપણ વિવાદ માત્ર ગાંધીનગર ન્યાયક્ષેત્રને અધીન રહેશે.

No part of this book's text, writing style, presentation style, issues and its arrangement, etc. may be used in print, mechanical, electronic, xerox or any other form without the written permission of the publisher. Please note that any such Act will be considered illegal and legal Action will be taken against those who do so for copyright infringement.

Any dispute shall be subject to the exclusive jurisdiction of Gandhinagar.

TET - I/II પદ્ધતિશાસ્ત્ર પુસ્તક અંગે અભિપ્રાય



ગુજરાતના સરકારી શિક્ષક બનવા માંગતા **TET - I/II** પાસ કરવા માંગતા ઉમેદવારો અને ભાવિ ગુરૂજનો માટે **CTET અભ્યાસક્રમ** અનુસાર જ્યારે પદ્ધતિશાસ્ત્ર ખૂબ જ અગત્યનો થઈ રહ્યો છે ત્યારે હંમેશા **Pedagogy** એટલે કે **અધ્યાપન શાસ્ત્ર અથવા પદ્ધતિશાસ્ત્રના** સારા પુસ્તકની જરૂરીયાતને ધ્યાનમાં રાખી આવનારા સમયમાં દ્વી-સ્તરીય **TET - I/II** પરીક્ષામાં ગુણનું બહોળું મહત્ત્વ હોવાથી પદ્ધતિશાસ્ત્રના પ્રશ્નોમાં એકપણ ગુણ કપાય નહી અને સરળ ભાષામાં મેથડની સમજૂતી આપતા પુસ્તકની જરૂરીયાત સમજી **ટીમ જ્ઞાનલાઈવ દ્વારા** આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જે આપનું **કાયમી શિક્ષક બનવાનું સ્વપ્ન સાકાર કરવામાં 100%** મદદરૂપ સાબિત થશે.

આ પુસ્તકમાં પ્રાથમિક પરીક્ષા માટે જરૂરી **MCQs** અને **પ્રશ્નોનું બ્લુ પ્રિન્ટ** અનુસાર સમાવેશ કરેલ છે. વધુમાં **જનરલ મેથોડ** સાથે **TET - I/II** માટે જરૂરી **તમામ વિષયની મેથડને** પણ આવરી લીધેલ છે. ઉપરાંત **CTET** અને **SEB** દ્વારા **અગાઉની પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નોનો** પણ સમાવેશ **પદ્ધતિશાસ્ત્ર** પુસ્તકમાં કરેલ છે. તો આ પુસ્તક આપનું કાયમી શિક્ષક બનવાનું સરનામું બને તેવી શુભેચ્છાઓ.....

લિ.

શ્રી ચેતન પટેલ સર
(પૂર્વ-વહીવટી અધિકારી, GES
શિક્ષણક્ષેત્રમાં 20 વર્ષનો અનુભવ)

માર્ગદર્શક

શ્રી બહાદુરસિંહ સોલંકી
પૂર્વ સચિવ (SEB)

લેખક

શ્રી ચેતન પટેલ સર,
બીના સોરઠિયા

TAT - I / II નવો અભ્યાસક્રમ 2025

TET-1 (ધોરણ 1 થી 5) અભ્યાસક્રમ 2025

ગુણ : 150
પ્રશ્નો : 150
માઈનસ પદ્ધતિ નથી.

સમય : 120 મિનિટ
(2 કલાક)

આ કસોટીમાં કુલ 5 વિભાગો છે.

વિભાગ- 1 બાળ વિકાસ અને શૈક્ષણિકશાસ્ત્ર (30 ગુણ - 30 પ્રશ્નો)

A. બાળ વિકાસ — (15 ગુણ - 15 પ્રશ્નો)
B. સમાવેશી શિક્ષણ અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અંગે સમજ — (05 ગુણ - 05 પ્રશ્નો)
C. અધ્યયન અને શૈક્ષણિકશાસ્ત્ર — (10 ગુણ - 10 પ્રશ્નો)

વિભાગ- 2 ગુજરાતી ભાષા (30 ગુણ - 30 પ્રશ્નો)

A. ભાષા અર્થગ્રહણ — (15 ગુણ - 15 પ્રશ્નો)

- ભાષા સજ્જતા, અર્થગ્રહણ, ગદ્યાર્થગ્રહણ, શ્રવણ-કથનનું ભાષા શિક્ષણમાં મહત્વ
- ધોરણ 1 થી 5 આધારે પ્રશ્નનો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધોરણ - 10 સુધી રહેશે.

B. ભાષા વિકાસની શૈક્ષણિક પદ્ધતિ — (15 ગુણ - 15 પ્રશ્નો)

- અધ્યય અને ભાષા, ભાષા શિક્ષણના સિદ્ધાંતો, ભાષા શીખવામાં વ્યાકરણની ભૂમિકા, વર્ગખંડમાં ભાષા શીખવવાના પડકારો, ભાષા કૌશલ્યો, ભાષા અર્થગ્રહણ, ઉપચારાત્મક શિક્ષણ

વિભાગ- 3 અંગ્રેજી ભાષા (30 ગુણ - 30 પ્રશ્નો)

A. ભાષા અર્થગ્રહણ — (15 ગુણ - 15 પ્રશ્નો)

- ભાષા સજ્જતા, અર્થગ્રહણ, ગદ્ય, શ્રવણ-કથનનું ભાષા શિક્ષણમાં મહત્વ
- ધોરણ 1 થી 5 આધારે પ્રશ્નો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધોરણ - 10 સુધી રહેશે.

B. ભાષા વિકાસની શૈક્ષણિક પદ્ધતિ — (15 ગુણ - 15 પ્રશ્નો)

- અધ્યય અને ભાષા, ભાષા શિક્ષણના સિદ્ધાંતો, ભાષા શીખવામાં વ્યાકરણની ભૂમિકા, વર્ગખંડમાં ભાષા શીખવવાના પડકારો, ભાષા કૌશલ્યો, ભાષા અર્થગ્રહણ, ઉપચારાત્મક શિક્ષણ

વિભાગ-4 ગણિત (30 ગુણ - 30 પ્રશ્નો)

A. વિષયવસ્તુ (15 ગુણ - 15 પ્રશ્નો)

- ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટીકરણની બાબતો ધોરણ 1 થી 5 આધારે પ્રશ્નો પરંતુ કઠિનતામાટે ધો - 10 સુધી રહેશે.

B. પદ્ધતિશાસ્ત્ર (15 ગુણ - 15 પ્રશ્નો)

- ગણિતનું સ્વરૂપ, બાળકની વિચારવાની તરાહ, અભ્યાસક્રમમાં ગણિતનું સ્થાન, ગણિત શિક્ષણની પદ્ધતિ/પ્રયુક્તિઓ, ઔપચારિક અને અનઔપચારિક મૂલ્યાંકન, ગણિતમાં થતી ભૂલો અને ઉપાયો.

ભાગ-5 પર્યાવરણ, સામાન્ય જ્ઞાન, શિક્ષણના વર્તમાન પ્રવાહો (30 ગુણ - 30 પ્રશ્નો)

A. પર્યાવરણ (20 ગુણ - 20 પ્રશ્નો)

(1) પર્યાવરણ વિષયવસ્તુ (10 ગુણ - 10 પ્રશ્નો)

- પર્યાવરણના ધોરણ 1 થી 5 ના આધારે પ્રશ્નો

(2) પદ્ધતિશાસ્ત્ર (10 ગુણ - 10 પ્રશ્નો)

- પર્યાવરણની સંકલ્પના, મહત્વ, શિક્ષણ સાથે સબંધ, અધ્યયના સિદ્ધાંતો, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન સાથેના વ્યાપ સબંધ, સંકલ્પનાઓ રજુ કરવાની પદ્ધતિઓ, પ્રવૃતિઓ, પ્રયોગો, ચર્ચા, સતત અને સર્વગ્રાડી મૂલ્યાંકન, શિક્ષણ સામગ્રી અધ્યાપનની સમસ્યાઓ.

B. સામાન્ય જ્ઞાન, રિઝનિંગ (05 ગુણ - 05 પ્રશ્નો)

C. શિક્ષણના વર્તમાન પ્રવાહો (05 ગુણ - 05 પ્રશ્નો)

TET-2 (ધોરણ 6 થી 8) અભ્યાસક્રમ 2025

ગુણ : 150
માઇનસ પદ્ધતિ નથી.

સમય : 120 મિનિટ
(2 કલાક)

વિભાગ- 1 (75 ગુણ)

1. બાળવિકાસ અને શૈક્ષણિકશાસ્ત્ર (25 ગુણ - 25 પ્રશ્નો)

A) બાળવિકાસ (10 ગુણ - 10 પ્રશ્નો)

B) સમાવેશી શિક્ષણ અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અંગે સમજ (05 ગુણ - 5 પ્રશ્નો)

C) અધ્યયન અને શૈક્ષણિકશાસ્ત્ર (10 ગુણ - 10 પ્રશ્નો)

2. ભાષા (ગુજરાતી અને અંગ્રેજી) (25 ગુણ - 25 પ્રશ્નો)

- ભાષાકીય સજજતા
- સારગ્રહણ
- શ્રવણ, કથન
- ભાષા શિક્ષણમાં મહત્ત્વ

3. સામાન્ય જ્ઞાન, શિક્ષણના વર્તમાન પ્રવાહો (25 ગુણ - 25 પ્રશ્નો)

- સામાન્ય જ્ઞાન
- રિઝનિંગ
- શિક્ષણના વર્તમાન પ્રવાહો

વિભાગ- 2 (75 ગુણ)

ગણિત-વિજ્ઞાન (75 ગુણ)

ગણિત (40 ગુણ)

A) ગણિત વિષયવસ્તુ (25 ગુણ)

- સામાન્ય ગણિત વિષયમાં સંકલ્પના, સ્પષ્ટીકરણની બાબતો અને સમસ્યા ઉકેલપ્રશ્નો.

B) ગણિત પદ્ધતિશાસ્ત્ર (15 ગુણ)

વિજ્ઞાન (35 ગુણ)

A) વિજ્ઞાન વિષયવસ્તુ (25 ગુણ)

- વિજ્ઞાન વિષયમાં વ્યાવહારિક વિજ્ઞાન, રોજબરોજના અનુભવ સાથેનું વિજ્ઞાન, અવલોકન અને નિરીક્ષણના પ્રશ્નો.
- ધોરણ 6 થી 8 આધારે વિજ્ઞાનના પ્રશ્નો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધો-12 સુધી રહેલો.

B) વિજ્ઞાન પદ્ધતિશાસ્ત્ર (10 ગુણ)

વિભાગ- 2 (75 ગુણ)

ભાષા (75 ગુણ)

1) ગુજરાતી (20 ગુણ)
- વિષયવસ્તુ (15 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)

2) અંગ્રેજી (20 ગુણ)
- વિષયવસ્તુ (15 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)

3) હિન્દી (20 ગુણ)
- વિષયવસ્તુ (15 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)

4) સંસ્કૃત (15 ગુણ)
- વિષયવસ્તુ (10 ગુણ)
- પદ્ધતિશાસ્ત્ર (5 ગુણ)
- વિષયવસ્તુ ધો-6 થી 8ના આધારે પરંતુ કઠિનતામૂલ્ય માટે ધો-10 સુધી રહેશે.

- પદ્ધતિશાસ્ત્રના મુદ્દા : ભાષાશિક્ષણના સિદ્ધાંતો, શ્રવન કથનની ભૂમિકા, માહિતી ટેકનોલોજીનો ઉપયોગ, ભાષા શિક્ષણના પડકારો, ભાષા કૌશલ્ય, મૂલ્યાંકન, વગેરે.....

વિભાગ- 2 (75 ગુણ)

સામાજિક વિજ્ઞાન (75 ગુણ)

1) સામાજિક વિજ્ઞાન વિષયવસ્તુ (50 ગુણ)
- ભૂગોળ, ઈતિહાસ, દેશની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ, સામાજિક મુલ્યો જેવી બાબતોને આવરી લેવાશે.
- ધોરણ 6 થી 8ના આધારે પ્રશ્નો પરંતુ કઠિનતામૂલ્ય માટે ધોરણ 12 સુધી રહેશે.

2) સામાજિક વિજ્ઞાન પદ્ધતિશાસ્ત્ર (25 ગુણ)
- સંકલ્પના, નિર્ણયાત્મક શક્તિ, વિવેચનાત્મક યાદશક્તિ વિકસાવવી, વર્ગખંડ પ્રક્રિયાઓ અને પદ્ધતિઓ, જીવનવૃતાંત, પ્રાદેશિક પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, આત્મકથા પદ્ધતિ, વગેરે ....

અનુક્રમણિકા

GYAN LIVE

ક્રમ	વિગત	પેજ નં
01	પદ્ધતિ, પ્રવિધિ, પ્રયુક્તિ અને પ્રવૃત્તિઓનો પરિચય (Introduction)	01
02	અધ્યાપનનાં સૂત્રો (Slogans of Teaching)	09
03	જનરલ મેથડ (General Method)	16
04	અધ્યાપન કૌશલ્ય (Skills of Teaching)	49
05	શિક્ષણના હેતુઓ અને શૈક્ષણિક આયોજન (Learning Objectives and Educational Planning)	88
06	અધ્યાપનના સિદ્ધાંતો (Principles of Teaching)	108
07	ગણિત પદ્ધતિ (Mathematics Method)	114

08 વિજ્ઞાન પદ્ધતિ (Science Method) 131

09 ગુજરાતી પદ્ધતિ (Gujarati Method) 176

10 અંગ્રેજી પદ્ધતિ (English Method) 201

11 હિન્દી પદ્ધતિ (Hindi Method) 255

12 સંસ્કૃત પદ્ધતિ (Sanskrit Method) 272

13 સામાજિક વિજ્ઞાન પદ્ધતિ (Social Science Method) 289

14 પર્યાવરણ પદ્ધતિ (Environment Method) 310

15 ઉપચારાત્મક શિક્ષણ (Remedial Education) 352

16 કમ્પ્યૂટરની મદદથી અધ્યયન (Computer Assisted Learning) 361

17 પાઠ આયોજનના નમૂનાઓ (Forms of Lesson Planning) 371

18 ભાષા, અધ્યયન અને સંપાદન (Language Learning and Acquisition) 375

19 અધ્યયન - અધ્યાપન અને સામગ્રી (TLM) (Teaching Learning and Materials) 383

20 શિક્ષણમાં પ્રત્યાયન (Communication in education) 396

21 અગાઉની પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો (PYQ'S) 412

22 ચેતન સરના અગત્યના પ્રશ્નો (Chetan Sir Most IMP Questions) 440

23 પ્રકીર્ણ (પદ્ધતિશાસ્ત્રનો સાર) Miscellaneous 451

34 Infographic 489


અગત્યની પદ્ધતિઓ અને તેના જનક

પદ્ધતિનું નામ	જનક
અનુભવ દ્વારા શિક્ષણ પદ્ધતિ	પેસ્ટોલોજી
મોન્ટેસરી શિક્ષણ પદ્ધતિ	મારિયા મોન્ટેસરી
કિન્ડર ગાર્ટન / ખેલકુદ પદ્ધતિ	ફ્રેડરિક વિલ્હેમ ઓગસ્ટ ફ્રોબેલ
રમત - ગમત પદ્ધતિ	હેનરી કોલ્ડવેલ કુક
ક્રિયા દ્વારા શિક્ષણ પદ્ધતિ	જહોન ડ્યૂઈ / વિલિયમ જેમ્સ
પ્રોજેક્ટ પદ્ધતિ / પ્રકલ્પ પદ્ધતિ	જહોન ડ્યૂઈ
સંશોધનાત્મક પદ્ધતિ	જેરોમ બ્રુનેઈ
પ્રશ્ન - જવાબ પદ્ધતિ (પ્રશ્નોત્તરી)	સુકરાત (સુકરાતી પદ્ધતિ)
કથન / પ્રવચન પદ્ધતિ	પ્લેટો
આગમન - નિગમ પદ્ધતિ	એરિસ્ટોટલ (અરસ્તુ)
અવલોકન પદ્ધતિ	આલ્બર્ટ બાંદુરા
વૈજ્ઞાનિક પદ્ધતિ	ફ્રાન્સિસ બેકન
માઈક્રોટીચિંગ પદ્ધતિ	ડ્વાઇટ એલન અને રોબર્ટ બુશ
મૂલ્યાંકન પદ્ધતિ	ડૉ. જે. એમ. રાઈસ
ફ્રેકાલી શિક્ષણ પદ્ધતિ	આવિડ ફ્રેકાલી
સંવાદ પદ્ધતિ	પ્લેટો
રૈખિક અભિક્રમિત પદ્ધતિ	બી. એફ. સ્કીનર
સૈન્ય પદ્ધતિ (શ્રાવ્ય ભાવ્ય પદ્ધતિ)	બોઝ તથા બ્લુમફિલ્ડ
પ્રશાખા અભિક્રમિત પદ્ધતિ	નોર્મન કાઉડર
વાદ - વિવાદ પદ્ધતિ	સોક્રેટિસ
નિદર્શન પદ્ધતિ	હર્બટ સ્પેન્સર
સમવાયી પદ્ધતિ (અનુબંધ પદ્ધતિ)	ગાંધીજી
પ્રાદેશિક શિક્ષણ પદ્ધતિ	હર્બર્ટસન
હ્યુરિસ્ટિક પદ્ધતિ (શોધ પદ્ધતિ)	હેન્રી એડવર્ડ આર્મસ્ટ્રોંગ
સામાજિકતા મિતિ પદ્ધતિ	જે.એલ. મોરેના / હેલન હોલ
ડાલ્ટન પદ્ધતિ	હેલેન પાર્કહર્સ્ટ
નિરીક્ષણ - પ્રવાસ - પ્રયોગ પદ્ધતિ	જહોન લોક
પ્રદર્શન પદ્ધતિ	જહોન હેનરીખ પેસ્ટોલોજી
પ્રવાસ - પર્યટન પદ્ધતિ	જહોન ડ્યૂઈ
જીવન વૃત્તાંત પદ્ધતિ	ડબલ્યુ. આઈ. થોમસ / ફ્લોરિયન ઝના નિયેકી
સ્વાધ્યાય પદ્ધતિ	જહોન લોક
તુલના પદ્ધતિ	એરિસ્ટોટલ

TET - I/II પદ્ધતિશાસ્ત્ર

પુસ્તકની મુખ્ય વિશેષતાઓ

1



TET - I/II પદ્ધતિશાસ્ત્ર:

TET - I/II પદ્ધતિશાસ્ત્ર પુસ્તક શિક્ષણશાસ્ત્ર (Pedagogy) અને વિષયવસ્તુની અધ્યાપન પદ્ધતિઓનો વ્યાપક, વ્યવસ્થિત અને પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ પૂરો પાડે છે. આ પુસ્તકનું માળખું અને વિષયવસ્તુ સ્પર્ધાત્મક પરીક્ષાઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે.

2



મૂળભૂત શિક્ષણશાસ્ત્ર અને સિદ્ધાંતો:

પુસ્તકના પ્રારંભિક પ્રકરણોમાં પદ્ધતિ, પ્રવિધિ, પ્રયુક્તિ અને પ્રવૃત્તિ વચ્ચેના સૂક્ષ્મ તફાવતને સરળતાથી સમજાવવામાં આવ્યો છે. સાથે જ અધ્યાપનના સૂત્રો અને સામાન્ય અધ્યાપન પદ્ધતિઓ (General Methods) ની સ્પષ્ટ અને વ્યવસ્થિત રૂપરેખા રજૂ કરવામાં આવી છે.

3



શૈક્ષણિક આયોજન અને અધ્યાપન કૌશલ્યો:

અસરકારક વર્ગખંડ વ્યવહાર માટે જરૂરી અધ્યાપન કૌશલ્યો, શિક્ષણના હેતુઓ, શૈક્ષણિક આયોજન તથા પાઠ આયોજનને વ્યવહારુ ઉદાહરણો અને નમૂનાઓ સાથે સમજાવવામાં આવ્યા છે.

4



વિષયવિશિષ્ટ અધ્યાપન પદ્ધતિઓ (Special Methods):

ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ જેવા મુખ્ય વિષયોના અધ્યાપન માટેની વિવિધ પદ્ધતિઓનું વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આ વિભાગ TET ઉમેદવારો માટે વિષયના અધ્યાપનશાસ્ત્રને સમજવામાં અત્યંત ઉપયોગી સાબિત થશે.

5



આધુનિક અધ્યયન અને ઉપચારાત્મક શિક્ષણ:

વર્તમાન શિક્ષણપ્રણાલીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઉપચારાત્મક શિક્ષણ, ICT (માહિતી અને સંચાર પ્રૌદ્યોગિકી), TLM (અધ્યયન-અધ્યાપન સામગ્રી), પ્રત્યાયન તેમજ ભાષા, અધ્યયન અને સંપાદન જેવા મહત્ત્વપૂર્ણ ખ્યાલોને સરળ અને સુવ્યવસ્થિત રીતે આવરી લેવામાં આવ્યા છે.

6



પરીક્ષાલક્ષી તૈયારી:

અગાઉની પરીક્ષાઓમાં પૂછાયેલા પ્રશ્નો (PYQs), ચેતન સરના અગત્યના પ્રશ્નો તથા પદ્ધતિશાસ્ત્રના સારરૂપ પ્રકીર્ણ વિભાગ દ્વારા ઉમેદવારો પોતાના જ્ઞાનનું સ્વ-મૂલ્યાંકન કરી શકે છે અને પરીક્ષાની તૈયારીને વધુ અસરકારક બનાવી શકે છે.

7



ભાવી શિક્ષકો માટે સર્વાંગી માર્ગદર્શિકા:

આ પુસ્તક ભાવી શિક્ષકો માટે પદ્ધતિશાસ્ત્રના મૂળભૂત પાયાને મજબૂત કરવા, અધ્યાપન પદ્ધતિઓની ઊંડી સમજ વિકસાવવા અને પરીક્ષાલક્ષી અભિગમ કેળવવા માટેની એક સચોટ, સરળ અને સર્વાંગી માર્ગદર્શિકા છે.

01 પદ્ધતિ, પ્રવિધિ, પ્રયુક્તિ અને પ્રવૃત્તિઓ

જાણવું જરૂરી છે.

અધ્યયન	Learning	શીખવું, ભણવું
અધ્યાપન	Teaching	શીખવવું, ભણાવવું, કેળવવું
અધ્યેતા	Learner	શીખનાર, વિદ્યાર્થી, તાલીમાર્થી
અધ્યાપક	Teacher	શીખવનાર, શિક્ષક

» અધ્યયન અને અધ્યાપનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે પદ્ધતિ શાસ્ત્ર જેને શિક્ષણશાસ્ત્ર તરીકે પણ ઓળખાય છે અને અંગ્રેજીમાં તેને Pedagogy કહે છે.



અધ્યાપન

- કેળવણીની સમગ્ર પ્રક્રિયામાં પાયાના ત્રણ પ્રશ્નો છે
  1. શા માટે શીખવવું?
  2. શું શીખવવું?
  3. કેવી રીતે શીખવવું?
- આ પૈકી કઈ રીતે શીખવવું એ ખૂબ મહત્ત્વનું છે, આથી અધ્યાપનની પદ્ધતિઓ, પ્રવિધિઓ, પ્રયુક્તિઓ અને પ્રવૃત્તિઓ વગેરે બાબતે સ્પષ્ટ સમજ મેળવવી જરૂરી છે.
- અધ્યાપનના સંદર્ભમાં આપણે તેનો કેવી રીતે અને શો ઉપયોગ કરીએ છીએ તે પદ્ધતિ, પ્રવિધિ અને પ્રવૃત્તિ વચ્ચેના ભેદથી સમજી શકાય છે.

(A) અધ્યાપન પદ્ધતિઓ

- શિક્ષણ હેતુલક્ષી પ્રક્રિયા છે.
- શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનું હોય છે.
- વિદ્યાર્થીને જે કંઈ શીખવવાનું છે, તે વિષયવસ્તુને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવાની સુગ્રથિત, વ્યવસ્થિત, વિશાળ ફલક ઉપરની એક નિશ્ચિત શૈલી ધરાવતી અધ્યાપનની રીત નક્કી કરવી પડે તે રીત એટલે પદ્ધતિ.
- ચોક્કસ સ્વરૂપ ધરાવતી અને અધ્યાપન અનુભવ પૂરા પાડવાની જે મુખ્ય કાર્યયોજના વિચારાય છે. તેને અધ્યાપન પદ્ધતિ કહેવામાં આવે છે.
- પ્રવચન પદ્ધતિ, પ્રશ્નોત્તરી પદ્ધતિ, આગમન પદ્ધતિ, સ્વાધ્યાય પદ્ધતિ, નિગમન પદ્ધતિ, જૂથચર્ચા પદ્ધતિ, નિદર્શન પદ્ધતિ, નિરીક્ષક અભ્યાસ પદ્ધતિ, પ્રોજેક્ટ પદ્ધતિ, સમસ્યા ઉકેલ પદ્ધતિ વગેરે....
- અધ્યાપન કાર્યમાં પદ્ધતિ મુખ્ય છે.
- પદ્ધતિને અસરકારક બનાવવા પ્રવિધિઓ પ્રયુક્તિઓ અને પ્રવૃત્તિઓની મદદ લેવાય છે.

(B) અધ્યાપન પ્રયુક્તિઓ

- પ્રયુક્તિ માટે અંગ્રેજી શબ્દ છે Strategy.
- અધ્યાપન પ્રયુક્તિ એ અધ્યાપન પદ્ધતિ અને પ્રવિધિઓનું સંમિશ્રણ છે, જેનો ઉપયોગ વર્ગખંડ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓના અધ્યયન સંદર્ભમાં ઊભી થતી મુશ્કેલીના નિવારણ માટે શિક્ષક દ્વારા કરવામાં આવતો હોય છે.
- અધ્યાપન પ્રયુક્તિ અધ્યયન મુશ્કેલીના નિવારણ માટે હોય છે અને તે આયોજનમાં હંમેશા પૂર્વ વિચારણામાં હોય તે જરૂરી નથી.
- જે પ્રમાણે વર્ગખંડ શિક્ષણ દરમિયાન જરૂરિયાત અનુભવાય તે પ્રમાણે શિક્ષક દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓની અધ્યયનની મુશ્કેલી દૂર થાય છે.

(C) અધ્યાપન પ્રવિધિ :

- પ્રવિધિ માટે અંગ્રેજીમાં Technique શબ્દ પ્રયોજાય છે.
- વર્ગખંડ અધ્યાપન અધ્યયન દ્વારા કોઈ ચોક્કસ અધ્યયન હેતુની પૂર્તિ માટે પ્રવિધિનો ઉપયોગ કરવામાં આવે છે.
- પદ્ધતિ પ્રક્રિયાને લગતી બાબત છે.
- પ્રવિધિ અમલીકરણને લગતી બાબત છે.
- પદ્ધતિ વર્ગખંડ શિક્ષણ પૂર્વે વિચારણામાં